**સુરત મહાનગરપાલિકા**
(Visit us at www.suratmunicipal.gov.in)
**જા હે રા ત**

સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ જગ્યાઓ માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર નિયત લાયકાત, અનુભવ ધરાવનાર ઉમેદવારો પાસે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| **અ.નં.** | **જગ્યાનું નામ** | **સંખ્યા** | **વર્ગ** |
|---|---|---|---|
| ૧. | (૭૯૭) માર્શલ લીડર (પુરૂષ) | ૩૦ | અ.જા–૨, અ.જ.જા–૪, સા.શૈ.પ.વ.–૭, બિનઅનામત–૧૭ |
| ૨. | (૮૮૫) માર્શલ (પુરૂષ) | ૨૬૩ | અ.જા–૨૨, અ.જ.જા–૩૮, સા.શૈ.પ.વ.–૭૫, બિનઅનામત–૧૨૮ |

સદર જગ્યાઓ માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં ક્રમ નં.૧ માટે રૂા.૨૫/– તેમજ ક્રમ નં. ૨ માટે રૂા. ૧૦/–ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ ક્રમ નં.૧ માટે રૂા. ૨૫/– તથા ક્રમ નં. ૨ માટે રૂા. ૧૦/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

ઉકત જગ્યાઓ માટેની વિગતવાર માહિતી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરતના નોટીસ બોર્ડ પરથી તેમજ www.suratmunicipal.gov.in. વેબસાઈટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના ત્રણ દિવસ બાદ મળી શકશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીકૃટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ એકસ–૨૬૦ અથવા ૨૩૧ ઉપર સંપર્ક કરવો. અરજી મોકલવાની છેલ્લી તા.૨૦/૦૫/૨૦૧૫ છે.

**નોંધઃ**– આ જગ્યાઓ માટેના વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અરજી કરી શકાશે.

અરજી મોકલવાનું સરનામુ : –**ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, (મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

સહી/– મિલીન્દ તોરવણે
**મ્યુનિ. કમિશ્નર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૮૪/૨૦૧૫–૨૦૧૬
તા.૩૦/૦૪/૨૦૧૫.

## સુરત મહાનગરપાલિકા

(Visit us at www.suratmunicipal.gov.in)

## જાહેરાત

સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ જગ્યાઓ માટે પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર નિયત લાયકાત,અનુભવ ધરાવનાર ઉમેદવારો પાસે તા.૨૦/૦૫/૨૦૧૫ સુધીમાં પહોંચે તે રીતે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| જગ્યાનું નામ(૧) | (૭૯૭) માર્શલ લીડર (પુરૂષ)<br>સંખ્યાઃ–૩૦ (અ.જા–૨, અ.જ.જા–૪, સા.શૈ.પ.વ.–૭, બિનઅનામત–૧૭) | | |
| શૈક્ષણિક લાયકાત | (૧) ધોરણ ૧૨ પાસ અને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ(AIILSG )સંચાલિત ફાયરમેનનો કોર્ષ સફળતાપૂર્વક પાસ કરેલ હોવો જોઈએ.<br>નોંધઃ–(૧) ગુજરાતી, હિન્દી ભાષા લખતા વાંચતા અને બોલતા આવડવું જરૂરી.<br>(૨) એન.સી.સી.ધ્વારા તાલીમ પામેલ અને સી સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે. | | |
| શારીરિક લાયકાત | ઉંચાઈ | લઘુત્તમ | ૧૬૨ સે.મી.(એસ.ટી.ના પુરૂષ ઉમેદવારો માટે)<br>૧૬૫ સે.મી.(એસ.ટી. સિવાયના અન્ય પુરૂષ ઉમેદવારો માટે) |
| | છાતી | લઘુત્તમ | ૭૯ સે.મી. |
| | | છાતી ફુલાવીને | મીનીમમ ૫ સે.મી. ફુલવી જોઈએ |
| | વજન | લઘુત્તમ ૫૦ કી.ગ્રા. | |
| | તબીબી માપદંડ | ઉમેદવાર વાંકા ઢીંચણ ધરાવતા, સપાટ પગ ધરાવતા, ત્રાંસી આંખ ધરાવતા તેમજ બોલવામાં ક્ષતિ ધરાવતા ન હોવા જાઈએ. તેઓ માનસિક તથા શારિરીક રીતે કોઈપણ જાતની ક્ષતિ ધરાવતા ન હોવા જોઈએ.<br>(The candidate must note have knock-knee, flat feet, squint eyes and stammering. They must be in good mental and bodily health and free from physical defect.) | |
| | દ્રષ્ટિ | સામાન્ય ( ફકત ૬/૬) તેમજ કલર બ્લાઈન્ડનેશની બિમારી ધરાવતા ન હોવા જોઈએ. | |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહી અને ૨૮ વર્ષથી વધુ નહીં. | | |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂ.૩૦૦૦/– દ્રિતીય વર્ષે રૂ.૩૫૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂ. ૪૦૦૦/– પ્રતિ માસ ફીકસ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂ.૩૦૫૦–૪૫૯૦, (પે બેન્ડ ૫૨૦૦–૨૦૨૦૦/–, ગ્રેડ પે ૧૯૦૦/–) થીં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે | | |

**શારિરીક ક્ષમતાની પરીક્ષાઃ**

| | |
|---|---|
| હોઝ પાઈપ સાથેની /વજન ઉંચકીને ૧૦૦ મી.ની દોડ | ૨૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. |
| ૦૨ કી.મી.ની સામાન્ય દોડ | ૧૨ મીનીટમાં પુર્ણ કરવાની રહેશે. |
| રસ્સો પકડીને ઉપર ચઢવાનું | ૧૦ મીટર |
| રોપ લેડર પકડીને ઉપર ચઢવું | ૧૦ મીટર |
| તરણ ૧૦૦ મીટર | ૩ (ત્રણ) મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| જગ્યાનું નામ (૨) | (૮૮૫) માર્શલ (પુરૂષ)<br>સંખ્યાઃ૨૬૩ (અ.જા–૨૨, અ.જ.જા–૩૮, સા.શૈ.પ.વ.–૭૫, બિનઅનામત–૧૨૮) | | |
| શૈક્ષણિક લાયકાત | (૧) ધોરણ ૧૦ પાસ,<br>નોંધઃ– (૧) ગુજરાતી, હિન્દી, ભાષા લખતા વાંચતા અને બોલતા આવડવું જરૂરી.<br>(૨) એન.સી.સી.ધ્વારા તાલીમ પામેલ અને બી અથવા સી સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારને પસંદગીમાં અગ્રિમતા આપવામાં આવશે.<br>(૩)ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ(AIILSG )/ માન્ય યુનિવર્સીટી/કોલેજ /સરકાર માન્ય સંસ્થામાંથી ફાયરમેનનો કોર્ષ તાલીમાર્થી સમય દરમ્યાન સ્વખર્ચે પુરો કરવાનો રહેશે. સદરહુ કોર્ષ માટેના સમયગાળાની ગેરહાજરીને સામાન્ય સભા ઠરાવ નં.૫૮૯/૨૦૧૨, તા.૩૦–૪–૨૦૧૨માં વર્ષ દરમ્યાનની ૨૦૦ દિવસની ફરજીયાત હાજરી માંથી મુકિત આપવામાં આવશે. | | |
| શારિરીક લાયકાત | ઉંચાઈ | લઘુત્તમ | ૧૬૨ સે.મી.(એસ.ટી.ના પુરૂષ ઉમેદવારો માટે)<br>૧૬૫ સે.મી.(એસ.ટી. સિવાયના અન્ય પુરૂષ ઉમેદવારો માટે) |
| | છાતી | લઘુત્તમ | ૭૯ સે.મી. |
| | | ફુલાવીને | મીનીમમ ૫ સે.મી. ફુલવી જોઈએ |

| | | |
|---|---|---|
| | વજન | લઘુત્તમ ૫૦ કી.ગ્રા. |
| | તબીબી માપદંડ | ઉમેદવાર વાંકા ઢીંચણ ધરાવતા, સપાટ પગ ધરાવતા, ત્રાંસી આંખ ધરાવતા તેમજ બોલવામાં ક્ષતિ ધરાવતા ન હોવા જાઈએ.તેઓ માનસિક તથા શારિરીક રીતે કોઈપણ જાતની ક્ષતિ ધરાવતા ન હોવા જોઈએ.<br>(The candidate must note have knock-knee, flat feet, squint eyes and stammering. They must be in good mental and bodily health and free from physical defect.) |
| | દ્રષ્ટિ | સામાન્ય ( ફકત ૬/૬) તેમજ કલર બ્લાઈન્ડનેશની બિમારી ધરાવતા ન હોવા જોઈએ. |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહી અને ૨૮ વર્ષથી વધુ નહીં. | |
| પગારધોરણ | સામાન્ય સભાના ઠરાવ નં.૫૮૯/૨૦૧૨ તા.૩૦–૪–૨૦૧૨ માં જણાવેલ શરતોને આધિન ઉમેદવારે ત્રણ વર્ષની પ્રેકટીકલ તથા થીયરીકલ તાલીમ લેવાની રહેશે અને તાલીમ દરમ્યાન પ્રથમ વર્ષે રૂા.૨૫૦૦/– દ્રિતીય વર્ષે રૂા.૩૦૦૦/– તથા તૃતીય વર્ષ માટે રૂા. ૩૫૦૦/– પ્રતિ માસ ફીકસ. ત્યારબાદ તાલીમી સમય સંતોષકારક રીતે પુર્ણ કર્યેથી પગારધોરણ રૂા.૨૬૫૦–૪૦૦૦, (પે બેન્ડ ૪૪૪૦–૭૪૪૦/–, ગ્રેડ પે ૧૬૫૦/–) થીં નિયમોનુસાર અજમાયશી ધોરણે નિમણુંક આપવામાં આવશે | |

**શારિરીક ક્ષમતાની પરીક્ષાઃ**

| | |
|---|---|
| હોઝ પાઈપ સાથેની /વજન ઉંચકીને ૧૦૦ મી.ની દોડ | ૨૦ સેકન્ડમાં પુર્ણ કરવાની રહેશે. |
| ૦૨ કી.મી.ની સામાન્ય દોડ | ૧૨ મીનીટમાં પુર્ણ કરવાની રહેશે. |
| રસ્સો પકડીને ઉપર ચઢવાનું | ૧૦ મીટર |
| રોપ લેડર પકડીને ઉપર ચઢવું | ૧૦ મીટર |
| તરણ ૧૦૦ મીટર | ૩ મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. |

| | |
|---|---|
| સૂચના :– | **ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ સૂચના ઘ્યાને લઈને જ અરજી ફોર્મ ભરવાનું રહેશે, અધૂરી માહિતીવાળુ તેમજ છેકછાકવાળુ ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. ઉમેદવારે અરજી ફોર્મ જમા કરાવ્યા બાદ પાછળથી રજુ કરેલ કોઈપણ જાતના પ્રમાણપત્ર, પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે નહીં.** |

નોંધઃ–(૧) એપોઈન્ટમેન્ટ ઓથોરીટી તથા તેના ધ્વારા નિયત કરવામાં આવેલ સ્ટાફ સિલેકશન કમિટી ધ્વારા બેઝીક લાયકાત, રીટર્ન ટેસ્ટ, પ્રેકટીકલ ટેસ્ટ તેમજ ઓરલ ટેસ્ટના દેખાવના આધારે જે તે જગ્યા માટે માપદંડ નકકી કરાશે તે પ્રમાણે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપરોકત જગ્યા માટેના ઉમેદવારોએ એપોઈન્ટમેન્ટ ઓથોરીટી નકકી કરે તે મુજબની શારિરીક ક્ષમતાની, પ્રેકટીકલ, લેખિત, મૌખિક પરીક્ષાઓ માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી જે જગ્યા સૂચવે તે જગ્યાએ પોતાના ખર્ચે પહોંચવાનું રહેશે.

(૩) ઉપલી વયમર્યાદા જાહેરાતના પી.આર.ઓ. નંબરની તારીખે ગણતરીમાં લેવામાં આવશે.સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આ વયમર્યાદાના નિયમો લાગુ પડશે નહીં. અનામત કેડરની જગ્યા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ રહેશે.

(૪) ક્રમ નં. ૧ ના ઉમેદવારોએ CCC પરીક્ષા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૬૭/૨૦૦૮ તા. ૨૪–૦૩–૨૦૦૮ થી નિયત કર્યા મુજબની સંસ્થા ધ્વારા નિમણુંક થયેથી ૧ (એક) વર્ષમાં પાસ કરવાની રહેશે. જેઓએ અગાઉથી આ પરીક્ષા પાસ કરી હોય અથવા સુરત મહાનગર પાલિકા ધ્વારા આપવામાં આવેલ ટ્રેનીંગ લીધી હોય તેઓએ અરજી સાથે પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૫) ઉમેદવારે તેમની અરજી સાથે નીચે મુજબના પ્રમાણિત કરેલ પુરાવાઓ સામેલ કરવાના રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, એટેમ્પ સર્ટીફીકેટ

(૩) અનામતની જગ્યા ઉપર ઉમેદવારી કરતા ઉમેદવારોએ જાતિ અંગેના પુરાવા માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૪) ઉમેદવાર સા.શૈ.પ.વ.ના હોય તો ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬નું (તા.૧–૪–૧૫ ના રોજ કે ત્યાર પછી મેળવેલ હોય તેવું)સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે આવું પ્રમાણપત્ર જોડેલ ન હશે તો અનામત અંગેના કોઈપણ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યા માટે માંગેલ અનુભવનું પ્રમાણપત્ર.

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી, અર્ધસરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ન વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭)સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી જે કોઈ પરીક્ષા પાસ કરી હોય તો પરવાનગી હુકમની નકલ બીડવી.

(૬) સુરત મહાનગરપાલિકા સિવાયના સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ ધ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાની રહેશે.જયારે સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગત મધ્યસ્થ મહેકમ (રીકૃટમેન્ટ) વિભાગે મેળવવાની રહેશે.

(૭) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશયકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૮) માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

(૯) શારિરીક ક્ષમતા, પ્રેકટીકલ, લેખિત, મૌખિક પરીક્ષા અંગેનો કાર્યક્રમ માન્ય થયેલ અરજીઓના ઉમેદવારોને અલગથી પત્ર ધ્વારા જણાવવામાં આવશે.

(૧૦) **નીચે દર્શાવેલ કારણોસર ઉમેદવાર(અરજદાર)ની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.(રદ થવાને પાત્ર રહેશે)**

(૧) અરજીપત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજીપત્રકમાં ચોટાડેલ ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ)

(૨) અરજીપત્રકમાં માજી સૈનિકની કેટેગરી દર્શાવી હશે પરંતુ ફરજનો સમયગાળો બતાવેલ ન હોય.

(૩) અરજદારે અરજીપત્રકના કોલમ –૧૧ ની કેટેગરી પૈકી એકપણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એકથી વધુ કેટેગરી બતાવેલ હોય જેમ કે SC/ST બન્ને અથવા ST/SEBC કે SC/SEBC કે GEN/SC કે GEN/ST બતાવેલ હોય.

(૪) જે તે કેડરની જગ્યા માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલામો પ્રયાસ બતાવેલ ન હોય

(૫) અરજદારે અરજીપત્રકના કોલમ નં.૧૦ માં જન્મતારીખ બતાવી ન હોય, અધૂરી બતાવી હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ–માસ–દિવસ બતાવેલ હોય.

(૬) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે લઘુત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતા ન હોય.

(૭) અરજદાર પી.આર.ઓ. નંબરની તારીખે જે તે કેટેગરી માટે જેમ કે સામાન્ય, SC, ST, PH, SEBC મહતમ મળવાપાત્ર ઉપલી વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૮) માજી સૈનિક તરીકે મળવાપાત્ર કેટેગરીવાઈઝ વયમર્યાદાથી વધુ વય ધરાવતા હોય.

(૯) અરજીપત્રકમાં કેટેગરી કોલમ ૧૧(૩) માં સા.શૈ.પ.વ. તરીકે અરજી કરેલ હોય અને બિડાણ કાગળોના કોલમ–૧૧ માં ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ ન આપેલ હોય અધૂરી દર્શાવેલ હોય અથવા ક્રિમીલેયર સર્ટીફીકેટની તારીખ જાહેરાતમાં જણાવ્યા મુજબ તા.૧–૪–૧૫ પહેલાનું રજુ કરેલ હોય તેવી ક્ષતિયુકત અને અધૂરી અરજી હોય.

(૧૦) નિયત મૂળ ફોર્મમાં અરજી કરી ન હોય.

(૧૧) અરજીમાં જણાવેલ તમામ વિગત માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવા સામેલ કરેલ ન હોય.

(૧૨) સુરત મહાનગરપાલિકાની નોકરીમાં દાખલ થયા પછી વધુ અભ્યાસ કરી કોઈ પરીક્ષા પાસ કરી હોય અને પરવાનગી હુકમની નકલ સામેલ કરેલ ન હોય.

(૧૧) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી રદ કરવામાં આવશે

સદર જગ્યાઓ માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી બપોરે ૨–૩૦ તથા બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં ક્રમ નં.૧ માટે રૂા.૨૫/– તેમજ ક્રમ નં. ૨ માટે રૂા. ૧૦/–ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો જ ક્રમ નં.૧ માટે રૂા. ૨૫/– તથા ક્રમ નં. ૨ માટે રૂા. ૧૦/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

**નોંધઃ**–આ જગ્યાઓ માટેના વિના મૂલ્યે નિયત નમુનાના અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ .www.suratmunicipal.gov.in > Downloads > Forms પર ઉપલબ્ધ છે, ત્યાંથી ડાઉનલોડ કરી ફોર્મની સંપુર્ણ વિગતો ભરી જરૂરી પૂરાવા સામેલ કરી અર જી કરી શકાશે.

અરજી મોકલવાનું સરનામુ : – **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫,**
**પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.**

સહી/–મિલીન્દ તોરવણે
**મ્યુનિ. કમિશનર,**
**સુરત મહાનગરપાલિકા.**

નં.પીઆર.ઓ./૮૪/૨૦૧૫–૨૦૧૬
તા.૩૦/૦૪/૨૦૧૫.